534

**જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિકસતી જાતિ) વર્ગ-૨ ની જગ્યાઓને નાયબ નિયામક, (વિકસતી જાતિ) વર્ગ-૧ માં અપગ્રેડ કરવા બાબત..**

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૫૯૯-૧૨૦૩-(૪)-અ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખઃ ૩૧ માર્ચ, ૨૦૦૫

**વંચાણે લીધા :**

(૧) મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તારીખઃ ૨૨-૬-૭૮ નો ઠરાવ ક્રમાંકઃ બીસીઆર-૧૧૭૮-૩૦૪૩૩-હ
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તારીખઃ ૩૧-૩-૨૦૦૧ નો ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૫૯૮-ન.બા.-૧૨-અ.
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તારીખઃ ૨૫-૧-૨૦૦૦ નો ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૫૯૯-મ.૧૯૧-અ.
(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૭-૨-૨૦૦૫ નો ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૫૯૯-૧૨૦૩-(૪)-અ,

**સુધારા ઠરાવ :**

આ વિભાગના ઉપર ઉલ્લેખાયેલ તારીખઃ ૧૭-૨-૨૦૦૫ ના સરખા ક્રમાંકના ઠરાવના ફકરા-૬ ના બદલે નીચે મુજબનો ફકરો-૬ મૂકવો.

૬. આ હુકમો તારીખઃ ૧-૪-૨૦૦૫ થી નવા નાણાંકીય વર્ષથી અથવા આ જગ્યાઓ ઉપર વર્ગ-૧ ના અધિકારીઓની નિમણૂકો કરવામાં આવે તે તારીખથી ( આ પૈકી જે મોડુ હોય તે) અમલમાં આવશે. આ ફેરફાર મુજબ જિલ્લા કક્ષાની વહીવટી કામગીરી સત્વરે થઈ શકે તે માટે વર્ગ-૧ ની આ જગ્યાઓ વિકસતી જાતિ કલ્યાણ તંત્રના વર્ગ-૨ ના યોગ્ય અધિકારીઓને નાયબ નિયામક (વિકસતી જાતિ) વર્ગ-૧ તરીકે નિયમોનુસાર બઢતીથી નિમણૂકો આપીને ભરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી.એમ.પટેલ )
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

535

પ્રતિ,

- મા.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જુનાગઢ, સાબરકાંઠા, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અ.૧, જ અને ગ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઈલ
- શાખા સિલેકટ ફાઈલ.